
### બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પાસે લોહીલુહાણ હાલતમાં કિશોરનો મૃતદેહ મળતા ચકચાર

## કરજણના બોડકા ગામે 15 વર્ષીય કિશોરની હત્યા

**રહસ્ય** ઉકેલવા ડોગ સ્ક્વોડ અને એફએસએલની મદદથી પોલીસની સઘન તપાસ

**હર્ષદ રાઠોડિયા** નામના કિશોરની હત્યાથી સમગ્ર પંથક ધ્રુજી ઉઠ્યો







(પ્રતિનિધિ) કરજણ, તા.16
કરજણ તાલુકાના બોડકા ગામે એક કિશોરની હત્યાનો બનાવ સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ગામની સીમ વિસ્તારમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ નજીકથી અંદાજે 14થી 15 વર્ષના કિશોરનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતા સ્થાનિકોમાં ભય અને શોકનો માહોલ સર્જાયો છે.

પ્રાથમિક માહિતી મુજબ, મૃતકની ઓળખ બોડકા ગામના હર્ષદ રાઠોડિયા તરીકે થઈ છે. સ્થાનિકોએ મૃતદેહ જોવા મળતા તરત જ પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. મૃતદેહની સ્થિતિ પરથી પ્રાથમિક રીતે હત્યા કર્યા બાદ મૃતદેહ અહીં ફેંકી દેવાયો હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

પોલીસે સ્થળ પરથી મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે સરકારી દવાખાને ખસેડ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા બાદ મૃત્યુનું ચોક્કસ કારણ અને સમય અંગે વધુ સ્પષ્ટતા થશે, જે તપાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

આ ગંભીર બનાવની તપાસ માટે પોલીસે ડોગ સ્ક્વોડ અને એફ.એસ.એલ.ની ટીમની મદદ લીધી છે. ઘટના સ્થળેથી મળેલા પુરાવાઓનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને આરોપીઓ સુધી પહોંચવા પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે.

એક નિર્દોષ કિશોરની હત્યાની ઘટનાથી બોડકા ગામ સહિત આસપાસના વિસ્તારમાં ભારે આક્રોશ અને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવી છે અને ટૂંક સમયમાં આરોપીઓ સુધી પહોંચવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### કોંગ્રેસના આગેવાનો સામે એટ્રોસિટીની ફરિયાદ

## ડભોઈ તાલુકા પંચાયતના પટાંગણની બબાલમા આમ આદમીના ઉમેદવાર દ્વારા એટ્રોસીટીની ફરિયાદ

**કુંઢેલા** બેઠક ભાજપના ફાળે બિનહરીફ: ઉમેદવારે ફોર્મ પાછું ખેંચતા થયેલી માથાકૂટમાં ૧૧ શખ્સો સામે પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.16
ડભોઈ તાલુકા પંચાયત ની ૨૦ બેઠકો માટે સ્થાનિક સ્વરાજય ની ચૂંટણી મા ફોર્મ ખેંચવા ની છેલ્લી તારીખ હોય વહેલી સવાર થી તાલુકા ના રાજકારણીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા જ્યાં બે ઉમેદવારો બે કોગ્રેસ ના અને એક આમ આદમી ના ઉમેદવારો ધ્વારા ફોર્મ પાછા ખેચવા આવેલ જ્યાં બંને રાજકીય પક્ષો ના સમર્થકો મા મોરેમોરા જોવા મળ્યો હતો.

જયા કુંઢેલા બેઠક ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર મુળજીભાઈ સોમાભાઈ વસાવા એ પોલીસ ને આપેલ ફરીયાદ મા જણાવ્યા પણે ઉમેદવારી પરત લેવા આવેલ જયાં રાજકીય પક્ષ ના કાર્યકરો ભેગા થયા કુંઢેલા બેઠક ના આમ ઉમેદવાર અને કોગ્રેસ ના ઉમેદવારો એ ફોર્મ પરત લેતા ભાજપ બીનહરીફ થયું હતું. જયાં કોગ્રેસ પક્ષના આગેવાનો સુધીર બારોટ, રાકેશ પટેલ, અંકિત બ્રહમભટ્ટ, કમલ બારોટ, અક્ષય બારોટ, અજય બારોટ, અને દિલીપ પટેલે ફોર્મ કેમ પાછું ખેચ્યુ એમ કહી જાતિવિષયક અપમાન થાય એમ અપશબ્દો કહેલા ઝપાઝપી કરેલ અને જાન થી મારી નાંખવા ની ધમકી આપેલ આ ફરિયાદ મા પોલીસે ૧૧૫(૨), ૧૮૯(૨) ૧૯૦, ૧૯૧ (૨), ૨૯૬ (b) ૩ ૫૧(૩) અને એટ્રોસીટી ની ૩(૨)(va)૩(૧)(r)૩(૧)(s) ની કલમો લગાડી જેની તપાસ આકાશ પટેલ નાયબ જિલ્લા અધિક્ષક તપાસ ચલાવી રહ્યા છે. આ બનાવ ને પગલે સ્થાનિક સ્વરાજય ની ચૂંટણી મા ગરમાવો આવી ગયો છે જેના લેધી આવનાર ચૂટણીના સમીકરણો બદલાશે તેવી લોક મુખે ચર્ચા ચાલી રહી છે.

### આકાશ પટેલ અને નિલેશ પરમાર સામે પક્ષની લાલ આંખ

## સાવલી ન.પા.માં પક્ષ સામે બગાવત કરનાર બે યુવા હોદ્દેદારો સસ્પેન્ડ

**સાવલી** નગરપાલિકાના વોર્ડ નંબર 6 અને વોર્ડ નંબર 2 ના સમીકરણો બદલાશે

(પ્રતિનિધિ) સાવલી, તા.16
સાવલી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના મેન્ડેડ પર ચૂંટણી લડી રહેલા ઉમેદવારો સામે ચૂંટણી લડતા અને લડાવનાર બે યુવા નેતા ઓ હોદ્દેદારો ને ભાજપ પ્રમુખ દ્વારા પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી ને પાર્ટીના કાર્યકર માટે શિસ્ત નો સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા આને જિલ્લા સહિત સાવલીના બે હોદ્દેદારો ને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે તેના પગલે યુવા મોરચાના ઉપપ્રમુખ આકાશ પટેલે વોર્ડ નંબર 6 માંથી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી આજે બપોરે જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા સાવલી નગરના સંગઠનના બે હોદ્દેદારોને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો પત્ર જાહેર કરતા રાજકીય ચર્ચા જાગી હતી જેમાં યુવા મોરચાના ઉપપ્રમુખ આકાશ પટેલ અને નગર યુવા મોરચાના કારોબારી સભ્ય નિલેશ પરમાર ને પક્ષમાંથી ચૂંટણી લડતા ઉમેદવારો સામે ઉમેદવારી કરવાના કારણોસર પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

આકાશ પટેલે પાલિકા ના વોર્ડ નંબર 6 માં અપક્ષ ઉમેદવારી નોંધાવી છે જ્યારે નિલેશ પરમાર ના મમ્મી કૈલાસ બેન પરમારે વોર્ડ નંબર 2 માં કોંગ્રેસ માંથી ઉમેદવારી નોંધાવી છે તેના પગલે ભાજપના બંને હોદ્દેદારો ને પાંચ વર્ષ માટે જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા વિધિવત રીતે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે આમ ભાજપ જિલ્લા પ્રમુખે પાર્ટી લાઇન થી બહાર જતા કાર્યકરો માટે આડકતરી રીતે કડક સંદેશો આપી દીધો છે.

## વિશા શ્રીમાળી સોની સમાજ દ્વારા નવચંડી યજ્ઞનો ભવ્ય આયોજન

(પ્રતિનિધિ) પાદરા, તા.16
પાદરા ખાતે વિશા શ્રીમાળી સોની સમાજ દ્વારા ધાર્મિક ભાવનાને પ્રગટ કરતો નવચંડી યજ્ઞનો ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સમાજમાં આધ્યાત્મિકતા અને એકતા વધારવાના ઉદ્દેશ સાથે આ યજ્ઞનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે, જેમાં સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાઈને માતાજીની આરાધના કરે છે.

પાદરા ખાતે વસવાટ કરતા વિશા શ્રીમાળી સોની સમાજ નવયુવક મંડળ દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી ચૈત્ર માસ દરમિયાન આ પવિત્ર નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે પાદરાના ખત્રી મહારાજના મંદિર ખાતે વિધિવત રીતે યજ્ઞ યોજાયો હતો. યજ્ઞમાં વૈદિક



મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ પ્રસંગે ત્રણ યજમાન જોડાઓએ નવચંડી યજ્ઞનો ધાર્મિક લાભ લીધો હતો. વિદ્વાન બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રીય વિધિ મુજબ યજ્ઞ કરવામાં આવ્યો હતો, જેમાં માતાજીની આરાધના સાથે સમૃદ્ધિ અને સુખ-શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે આવા ધાર્મિક કાર્યક્રમો દ્વારા સમાજમાં એકતા મજબૂત બને છે.

### શિનોર-માલસર રોડની કામગીરીમાં વેઠ ઉતારતા કોન્ટ્રાક્ટર સામે તંત્રની લાલ આંખ

## શિનોર-માલસર માર્ગ પર કપચા દબાવવા રોલર અને પાણીનો છંટકાવ

(પ્રતિનિધિ) શિનોર, તા.16
શિનોર થી માલસર વચ્ચે રોડ પહોળો કરવાની કામગીરી દરમિયાન માર્ગ પર મોટા કપચા પાથરી દેવામાં આવ્યા હતા. રોલર ફેરવવામાં ન આવતા તેમજ પાણીના છંટકાવના અભાવે વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી હતી. આ મુદ્દે "ગુજરાત મિત્ર" ન્યુઝમાં ૧૩. એપ્રિલના પેપરમાંઅહેવાલ પ્રસિદ્ધ થયા બાદ જવાબદાર તંત્ર હરકતમાં આવ્યું છે અને હવે માર્ગ પર પાણી છાંટવાની તેમજ રોલર ફેરવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.



શિનોર થી માલસર સુધી રોડ પહોળો કરવાની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન માર્ગ પર મોટા કપચા પાથરવામાં આવ્યા હતા, પરંતુ તેના પર રોલર ન ફેરવાતા અને ઉડતી ધૂળને કારણે બાઈક સ્લિપ થવાના બનાવો સામે આવ્યા હતા, જેના પરિણામે અકસ્માતની ઘટનાઓ પણ બની હતી. વાહનચાલકોને પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ગુજરાત મિત્ર દ્વારા અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ અહેવાલની અસરરૂપે ૧૪ એપ્રિલથીહવે તંત્ર દ્વારા માર્ગ પર પાથરાયેલા કપચા પર રોલર ફેરવવાની તેમજ પાણીના છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના કારણે વાહનચાલકોને આંશિક રાહત મળી રહી છે.

## વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯મા પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) પાદરા, તા.16
પાદરામાં વૈષ્ણવ યુવા સંગઠન (VIPO) પાદરા શાખા દ્વારા જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯મા પ્રાગટ્ય મહોત્સવની વિશાળ અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ ધાર્મિક ભાવના, શ્રદ્ધા અને ઉત્સાહથી ઓતપ્રોત રહ્યો હતો, જેમાં નગરના વૈષ્ણવ ભક્તોએ ઉમંગભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે પાદરાના શ્રી વિઠ્ઠલનાથજી મંદિર પધરાઈમાતા પાસેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ, યુવા વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો. ૧૦૮ શ્રી આશ્રયકુમારજી મહોદય, પ.પૂ. ગો. ૧૦૮ શ્રી શરણમકુમારજી



મહોદય તેમજ યમુનંદજી લાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. વલ્લભકુળની ત્રણ પેઢીની પવિત્ર હાજરી આ મહોત્સવને વિશેષ મહિમા આપતી રહી હતી.

શોભાયાત્રા દરમિયાન ભક્તો દ્વારા ભજન-કીર્તન સાથે ઠાકોરજીના જયઘોષો ગૂંજી ઉઠ્યા હતા. નગરના વેપારીઓ, મહિલાઓ, યુવાનો અને બાળકો સહિત મોટી સંખ્યામાં લોકો આ યાત્રામાં જોડાયા હતા, જેના કારણે સમગ્ર પાદરા શહેર ભક્તિમય બની ગયું હતું.

આ ભવ્ય શોભાયાત્રા નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને શ્રી આચાર્ય મહાપ્રભુજી બેઠક

### ટીકીટ કપાતા ભાજપ છોડી કોંગ્રેસમાં ગયેલા સલીમ ઘાંચી વિવાદમાં:

## ડભોઈના પૂર્વ નગરસેવક સલીમ ઘાંચી સામે ફરિયાદ થતાં રાજકારણ ગરમાયુ

**સત્તાના** લોભી નેતાની પોલ ખુલી? અરજદારે પોલીસમાં કરી લેખિત ફરિયાદ

(પ્રતિનિધિ) સાવલી, તા.16
ડભોઈ નગરપાલિકા ના પચ્ચીસ વર્ષ ઉપરાંત થી નગરસેવક તરીકે કાર્યરત હતાં સલીમ ધાંચી સતા સાથે રહેવા ટેવાયેલા છે ૨૦૧૫ મા કોગ્રેસ માથી જીતી કામ નથી થતા કહી કોગ્રેસ છોડી ભાજપ મા જોડાયા અને ૨૦૨૦ -૨૦૨૧ મા વોર્ડ નં ૫ માંથી ભાજપ સમર્થિત ઉમેદવાર તરીકે જીત્યા હતા. ભાજપ ના બોર્ડ મા વર્ષ ૨૦૨૨-૨૦૨૩ મા સફાઈ કામદાર ની ભરતી કરેલ જેમાં ભિલોડીયા ના ઈમરાન કાલુ શા દિવાન ને નગરપાલિકા મા ડ્રાઈવર તરીકે નોકરી આપવા નો ઝાશો આપી અંદાજે ૪,૫૦,૦૦૦/- લીધા નો ગંભીર આક્ષેપ ઈમરાન કાલુ શા દિવાને પોલીસ ને આપેલ અરજી મા કરેલ છે વધુ મા પાછલા અઢી વર્ષ મા ડ્રેનેજ નો હવાલો પણ આપવામાં આવેલ જે હોદ્દા ને લઈ પણ આક્ષેપ અરજદાર દ્વારા કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપ દ્વારા ત્રણ ટર્મ લડેલા ને ટીકીટ ના આપવાના નિર્ણય બાદ લગ્ને લગ્ને કુવારા સલીમ ધાંચી એ વોર્ડ નંબર ત્રણ માંથી કોગ્રેસ ની પેનલ મા ઉમેદવારી કરી છે પોલીસ ને આપવામાં આવેલ અરજદાર ની અરજી ના ટાઈમીગ પર પણ સવાલ ઉભા થઈ રહ્યા છે જોકે પોલીસ કાર્યવાહી પર સૌ ની નજર છે ડભોઇ ની સ્થાનિક સ્વરાજય ની ચૂંટણી પુરી થતા આવા બનાવો બનશે અને ચૂંટણી લોહીયાળ બને એવો અણસાર નકારી શકાય એમ નથી વોર્ડ નં૫ ઉમેદવાર સલીમ નૂરભાઈ ધાંચી સામે આવી કેવા જવાબો આપશે એ જોવુ રહ્યું. ૨૦૨૬ની આ ચૂંટણી પહેલા આ પ્રકારના આક્ષેપોથી મતદારોમાં કેવો પ્રતિસાદ પડશે તે જોવું રસપ્રદ રહેશે.

## પાદરા નજીક જુગાર પર પોલીસની રેડ, એક આરોપી ઝડપાયો

પાદરા : વડુ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એલસીબી પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જુગાર વિરુદ્ધ સફળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, એક વ્યક્તિ વરલી મટકાના આંકડા લખી લખાવી માસા રોડ પરથી અભોર તરફ જઈ રહ્યો હોવાની માહિતી મળતાં પોલીસ તાત્કાલિક સક્રિય બની હતી. આ બાતમીને આધારે પોલીસ સ્ટાફ અભોર ગામની સીમમાં માસારોડથી અભોર જવાના પાકા ડામર રોડ પર નાળા નજીક રેડ પાડવામાં આવી હતી. એલસીબી પોલીસે સ્થળ પરથી કુલ રૂપિયા 11,670 ની રોકડ રકમ, જુદા જુદા આંક ફરકના વરલી મટકાના આંકડા લખેલી પાવતીઓ (કાપલીઓ), એક બોલપેન તથા એક મોબાઈલ ફોન સહિત કુલ રૂ.12,175 નો મુદ્દામાલ જપ્ત કર્યો.

## કોમન ઓનલાઈન પોર્ટલથી જીકાસમાં પ્રવેશ મુદ્દે ફરી વિવાદ

**તમામ ખાનગી** યુનિવર્સિટીઓને ફરજિયાત જોડવા માંગણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.16
સરકારી યુનિવર્સિટીઓમાં કોમન યુજી-પીજી પ્રવેશ માટે સરકારે શરૂ કરેલા જીકાસ પોર્ટલનો વિવાદ પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં જ ગરમાયો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ જીકાસ પોર્ટલ મુદ્દે સરકાર સામે પડ્યું છે અને તમામ ખાનગી યુનિવર્સિટીઓને પણ જોડવાની માંગણી સાથે આંદોલનની ચીમકી આપી છે.

જીકાસમાં છેલ્લા બે વર્ષથી શરૂ રહેલા કોમન યુજી-પીજી પ્રવેશમાં માત્ર 15 સરકારી યુનિવર્સિટી ઓને જોડવામાં આવી છે. આ વર્ષે સરકારે ખાનગી યુનિવર્સિટી ઓને પત્ર લખીને સ્વૈચ્છિક રીતે જોડાવું હોય તો સંમતિ માંગી હતી. જેથી હાલ 10 જેટલી ખાનગી યુનિવર્સિટીઓ જોડાઈ છે. બીજી બાજુ એબીવીપીએ માંગ કરી છે કે તમામ ખાનગી યુનિવર્સિટીઓને ફરજિયાત જોડવામાં આવે. જો ન જોડવામાં આવે તો સરકારી યુનિવર્સિટીઓને પણ જીકાસમાંથી દૂર કરી પોતાની રીતે પ્રવેશ કરવાની છૂટ આપવામાં આવે તેવી માંગણી કરી છે. આ ઉપરાંત જીકાસમાં રજિસ્ટ્રેશન ફી 300 થી ઘટાડી દેવામાં આવે અથવા વિનામૂલ્યે રજિસ્ટ્રેશન કરાવવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. એબીવીપીએ આ મુદ્દે આગામી સમયમાં વિરોધ પ્રદર્શનો સાથે ઉગ્ર આંદોલનની ચીમકી પણ આપી છે.

### પાદરા ચૂંટણી જંગ: વોર્ડ નં. 6 અને 7માં ભાજપની ક્લીન સ્વીપ, હવે 17 બેઠકો માટે 26 એપ્રિલે જંગ જામશે

## ભાજપનો દબદબો: પાદરા પાલિકાની 11 બેઠકો બિનહરીફ કબજે કરી

**વોર્ડ** નં. 1 માં સૌથી વધુ 11 ઉમેદવારો વચ્ચે ખરાખરીનો મુકાબલો, 8 અપક્ષો પણ નસીબ અજમાવશે

**8 સામાન્ય** સ્ત્રી અને 4 પછાત વર્ગની બેઠકો સહિત કુલ 17 બેઠકો પર થશે મતદાન

(પ્રતિનિધિ) પાદરા, તા.16
પાદરા નગર પાલિકાની બિનહરીફ જાહેર થયેલી 11 બેઠકોમાં વોર્ડ નંબર 6 અને 7ની તમામ બેઠકોનો સમાવેશ થાય છે. વોર્ડ નંબર 6માં ભાજપના નરેશભાઈ અગ્રવાલ, તેજસભાઈ ગોહિલ, નિશાબેન રાણા અને ઈલાબેન જોષી બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. જ્યારે વોર્ડ નંબર 7માં પ્રતિકકુમાર ઉર્ફે સંતોષ પટેલ ચા વાળા, નિશાબેન પરેશ ગાંધી, સંકેતભાઈ પટેલ અને સુમિત્રાબેન પરમાર વિજેતા જાહેર થયા છે. ઉપરાંત વોર્ડ નંબર 2 માં રાકેશ રાણા, 3 માં પારુલબેન દરજી અને 4 માં દીપેશ પંચાલ પણ બેઠક પર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે.

હવે બાકી રહેલી 17 બેઠકો માટે 26 એપ્રિલના રોજ મતદાન યોજાશે, જેમાં કુલ ૩૭ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. આ બેઠકો પર ભાજપે 17 ઉમેદવારો ઉભા રાખ્યા છે, જ્યારે કોંગ્રેસે ૧૨ ઉમેદવારો અને અપક્ષ તરીકે ૮ ઉમેદવારો મેદાનમાં છે. સાથે જ



રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (શરદચંદ્ર પવાર ગઠબંધન)નો પણ એક ઉમેદવાર મેદાનમાં હોવાથી કુલ ઉમેદવારો વચ્ચે કટોકટીભર્યો મુકાબલો થવાનો છે.

આ ચૂંટણીમાં વિવિધ વર્ગોની બેઠકોનો સમાવેશ થાય છે, જેમાં 8 સામાન્ય સ્ત્રી બેઠકો, 2 પછાત વર્ગ સ્ત્રી અનામત બેઠકો, 4 પછાત વર્ગ બેઠકો, 1 અનુસૂચિત જાતિ બેઠક અને 5 સામાન્ય બેઠકોનો સમાવેશ થાય છે.

વોર્ડવાર જોવામાં આવે તો સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નંબર 1 માં છે, જ્યાં 11 ઉમેદવારો વચ્ચે જંગ છે. વોર્ડ નંબર 2, માં ૬ અને 3 માં 6-6 ઉમેદવારો, વોર્ડ નંબર 4 માં 7 ઉમેદવારો અને વોર્ડ નંબર 5માં પણ 7 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

પાદરા નગરપાલિકાની આ ચૂંટણીમાં ભાજપ માટે સત્તા જાળવી રાખશે, 11 ઉમેદવારો બિનહરીફ વિજેતા પાદરા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને પ્રારંભિક મોટી સફળતા મળી છે પાદરા નગરપાલિકાની આવનારી 26 એપ્રિલ 2026ની ચૂંટણી પહેલાં જ રાજકીય માહોલ ગરમાયો છે. કુલ 28 બેઠકો માટે યોજાનારી આ ચૂંટણીમાં ભાજપે પ્રારંભિક તબક્કામાં જ મહત્વપૂર્ણ લીડ મેળવી છે. આ રીતે પાદરા નગરપાલિકાની ચૂંટણી હવે રસપ્રદ તબક્કામાં પ્રવેશી છે, જ્યાં મતદારોનો ચુકાદો જ નગરપાલિકાનું ભવિષ્ય નક્કી કરશે.

## "બેનરો ઉતારી લેજો, નહીંતર પરિણામ પછી બચાવવા કોઈ નહીં આવે" : મધુ શ્રીવાસ્તવ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16
લોકસભા ચૂંટણીના પડઘમ વચ્ચે વડોદરાનું રાજકીય તાપમાન ચરમસીમાએ પહોંચ્યું છે. શહેરના વોર્ડ નંબર 15માં કેટલીક સોસાયટીઓમાં 'કોંગ્રેસે પ્રવેશ કરવો નહીં' તેવા રામભક્તિના નામે લાગેલા બેનરોએ નવા વિવાદને જન્મ આપ્યો છે. આ મામલે પૂર્વ ધારાસભ્ય અને દબંગ નેતા મધુ શ્રીવાસ્તવે મેદાનમાં ઉતરીને આક્રમક તેવર બતાવ્યા છે.

કોંગ્રેસને બિનશરતી ટેકો જાહેર કર્યા બાદ મધુ શ્રીવાસ્તવે વિરોધીઓને સીધી ચિમકી આપતા જણાવ્યું છે કે, જો આ બેનરો વહેલી તકે ઉતારવામાં નહીં આવે તો ચૂંટણીના પરિણામો બાદ ગંભીર અંજામ ભોગવવા તૈયાર રહેવું પડશે. રામભક્તિના નામે લગાવવામાં આવેલા બેનરો પર પ્રતિક્રિયા આપતા મધુ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, "અમે વર્ષોથી રામભક્ત છીએ અને સાચા સનાતની છીએ. અમારે અમારી ભક્તિ કે સનાતની હોવાનું પ્રમાણપત્ર કોઈની પાસેથી લેવાની જરૂર નથી. અમે અમારી વડલોપાર્જિત જમીનો વેચીને હનુમાનજીની ભવ્ય અને ગગનચુંબી પ્રતિમા બનાવી છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જે તત્વો આજે ધર્મના નામે રાજકારણ રમી રહ્યા છે અને પ્રવેશબંધીના બેનરો લગાવી રહ્યા છે, તેમને પછાડવાની



તાકાત આજે પણ તેમનામાં છે. મધુ શ્રીવાસ્તવે કોઈનું નામ લીધા વિના ધારાસભ્ય શૈલેષ મહેતા અને તેમના સમર્થકો પર તીખા પ્રહારો કર્યા હતા. તેમણે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, "કેટલાક નેતાઓ શિક્ષણના નામે સ્કૂલો ખોલીને લોકો સાથે છેતરપિંડી કરી રહ્યા છે, પેટ્રોલ પંપો બનાવી રહ્યા છે અને ગરીબોની જમીનો હડપવાના ધંધા કરી રહ્યા છે.